પાક.ને કચડી ભારતીય ટીમની જીતની હેટ્રિક

મહિલા એશિયા કપની મેચ પહેલા ભારતીય કેપ્ટન હરમનપ્રીત કૌરે ટોસના સમયે પાકિસ્તાની કેપ્ટન ફાતિમા સના સાથે હાથ ન મિલાવ્યો અને કોઈ જ વાતચીત ન કરી

શ્રી ચરણીએ માત્ર 7 રન આપી 3 જ્યારે પ્રેમા રાવતે 9 રન આપી 3 વિકેટ ઝડપી

પાકિસ્તાન 55 રનમાં ઓલ-આઉટ; ભારતનો 68 બોલ બાકી રહેતા આસાન વિજય

દુબઈ, તા. 5 (પીટીઆઈ): દુબઈમાં રમાયેલી મહિલા એશિયા કપ 2026ની ગ્રુપ-Aની મેચમાં ભારતીય ટીમે પાકિસ્તાનને 68 બોલ બાકી રાખીને 7 વિકેટે કરારી હાર આપી હતી. આ સાથે ભારતીય ટીમે ટૂર્નામેન્ટમાં પોતાની જીતની હેટ્રિક પૂરી કરી છે, જ્યારે પાકિસ્તાનનો આ ટૂર્નામેન્ટમાં પ્રથમ પરાજય થયો હતો.

ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી પાકિસ્તાની ટીમની શરૂઆત સારી રહી હતી. ઓપનર મુનીબા અલી (13) અને શવાલ ઝુલ્ફિકાર (14) વચ્ચે 4.3 ઓવરમાં 27 રનની ભાગીદારી થઈ હતી. જોકે, કેપ્ટન તરીકે પોતાની 150મી T20I મેચ રમી રહેલી હરમનપ્રીત કૌરે પિચ પરથી સ્પીન મળતો જોઈને બોલિંગમાં ફેરફાર કર્યો હતો. તે પછી પાકિસ્તાને માત્ર 9 રનમાં 6 વિકેટ ગુમાવી દીધી હતી અને આખી ટીમ 18.1 ઓવરમાં 55 રનમાં સમેટાઈ ગઈ હતી. T20I ઈતિહાસમાં પાકિસ્તાનનો આ સૌથી ઓછો સ્કોર છે.

ડાબોડી સ્પિનર શ્રી ચરણીએ 4 ઓવરમાં 7 રન આપી 3 વિકેટ અને પ્રેમા રાવતે 9 રનમાં 3 વિકેટ ઝડપી હતી. આ સિવાય દીપ્તિ શર્માએ 2 વિકેટ અને શેફાલી વર્માએ 1 વિકેટ લીધી હતી. પાકિસ્તાની કેપ્ટન ફાતિમા સના (0) સહિત 9 બેટ્સમેનો બેવડા આંકડા સુધી પણ પહોંચી શક્યા નહોતા.

જીત માટે 56 રનના લક્ષ્યાંકનો પીછો કરતા શેફાલી વર્માએ પ્રથમ બોલે છગ્ગો ફટકાર્યો હતો, પરંતુ ફાતિમા સનાએ પાવરપ્લેમાં શાનદાર બોલિંગ કરી શેફાલી (12), પ્રતિકા રાવલ (4) અને સ્મૃતિ મંધાનાની (9) વિકેટ ઝડપી ભારતીય ટોપ ઓર્ડરને આંચકો આપ્યો હતો. જોકે, ત્યારબાદ દીપ્તિ શર્મા (12*) અને કેપ્ટન હરમનપ્રીત કૌરે (18*) અણનમ રહીને 8.4 ઓવરમાં જ ભારતને વિજયી લક્ષ્યાંક સુધી પહોંચાડી દીધું હતું. હરમનપ્રીતે સિક્સર મારીને મેચ ફિનિશ કરી હતી.

ભારત સામેનીઆજની મેચમાં પાકિસ્તાનની મહિલા ટીમ માત્ર 55 રનમાં ઓલઆઉટ થઈ હતી જે તેનો T20Iમાં સૌથી ઓછો સ્કોર છે.

મહિલા T20Iમાં પાકિસ્તાન ટીમનો સૌથી ઓછો ઓલ-આઉટ સ્કોર

સ્કોર	વિરોધી ટીમ	સ્થળ-વર્ષ
55	ભારત	દુબઈ-2026
56	ન્યૂઝીલેન્ડ	દુબઈ-2024
60	ઈંગ્લેન્ડ	ટોન્ટન-2009
63	ભારત	ગ્વાંગઝૂ-2012
65	વે.ઈન્ડિઝ	સે.એન્ડ્રુઝ-2011
72	શ્રીલંકા	કોલંબો-2018

શેફાલી વર્માએ T20Iની ઈનિંગ્સના પ્રથમ બોલે જ છગ્ગો માર્યો હતો આવું પરાક્રમ કરનાર ત્રીજી બેટર છે.

મહિલા T20I ઇનિંગ્સના પ્રથમ બોલે છગ્ગો મારનાર બેટર

બેટર	બોલર	સ્થળ-વર્ષ
એ. હન્ટર (આયર્લેન્ડ)	ફાતિમા સના (પાકિસ્તાન)	ડબલિન-2025
હોલાન ડોરિગા (પીએનજી)	સાઇમા તુહાડેલેની (નામિબિયા)	કાઠમંડુ-2026
શેફાલી વર્મા (ભારત)	સાદિયા ઇકબાલ (પાકિસ્તાન)	એજબેસ્ટન-2026
શેફાલી વર્મા (ભારત)	સાદિયા ઇકબાલ (પાકિસ્તાન)	દુબઈ-2026

આ સાથે જ શેફાલી સૌથી નાની વયે T20Iમાં 3000 રન બનાવનાર ખેલાડી પણ બની છે.

મહિલા T20Iમાં સૌથી નાની વયે 3000 રન બનાવનાર ખેલાડીઓ

ઉમર	ખેલાડી	ટીમ
22 વર્ષ 220 દિવસ	શેફાલી વર્મા	ભારત
24 વર્ષ 347 દિવસ	ગેબી લુઈસ	આયર્લેન્ડ
27 વર્ષ 139 દિવસ	ઈશા ઓઝા	યુએઈ
27 વર્ષ 171 દિવસ	સ્મૃતિ મંધાના	ભારત
27 વર્ષ 347 દિવસ	હેલી મેથ્યુઝ	વેસ્ટ ઈન્ડિઝ

(નોંધ: શેફાલી વર્મા મહિલા T20Iમાં 3000 રન કરનારી વિશ્વની 16મી અને સ્મૃતિ મંધાના તથા હરમનપ્રીત કૌર પછી ભારતની ત્રીજી મહિલા ખેલાડી બની છે.)

યુએસ ઓપન: ઈજામાંથી વાપસી બાદ અલ્કારાઝ ચોથા રાઉન્ડમાં

અલ્કારાઝ હવે સમયાંતરે બ્રેક લેશે, ગ્રાન્ડ સ્લેમ માટે પસંદગીની ટૂર્નામેન્ટ્સ જ રમશે

ચાર મહિના પછી કોર્ટ પર ઉતરેલા ડિફેન્ડિંગ ચેમ્પિયનનો નવો લુક અને તીર ચલાવવાની નવી સેલિબ્રેશન સ્ટાઈલ

ન્યૂયોર્ક, તા. 5 (એપી): જમણા કાંડાની ઈજાના કારણે ચાર મહિના સુધી ટેનિસથી દૂર રહ્યા બાદ ડિફેન્ડિંગ ચેમ્પિયન કાર્લોસ અલ્કારાઝે યુએસ ઓપનમાં શાનદાર વાપસી કરી છે. ત્રીજા રાઉન્ડમાં વૂ યિબિંગને 6-3, 6-4, 6-1થી હરાવીને ચોથા રાઉન્ડમાં પ્રવેશ્યા બાદ 23 વર્ષીય અલ્કારાઝે જણાવ્યું કે તેની બોડી સારું ફીલ કરી રહી છે અને રિકવરીથી તે પોતે આશ્ચર્યચકિત છે. અલ્કારાઝે ભવિષ્યમાં ટેનિસ સીઝન દરમિયાન વધુ લાંબા બ્રેક લેવાની યોજના વ્યક્ત કરી છે. તેણે સ્પષ્ટ કર્યું કે આ નિર્ણય શારીરિક નહીં પણ માનસિક રીતે ફ્રેશ રહેવા માટે છે. અલ્કારાઝે કહ્યું, 'હું એવો ખેલાડી છું જેને વધુ ટૂર્નામેન્ટ્સ રમવાની જરૂર નથી. સતત રમવાથી કોર્ટ પરનો આનંદ છીનવાઈ જાય છે. માનસિક રીતે સ્વસ્થ રહેવા અને ગ્રાન્ડ સ્લેમ તથા માસ્ટર્સ 1000 જેવી મોટી સ્પર્ધાઓ માટે યોગ્ય તૈયારી કરવા માટે બ્રેક જરૂરી છે.'

આ મેચમાં તે સ્લીવલેસ શર્ટ નીચે સફેદ શર્ટ પહેરેલા નવા લુકમાં દેખાયો હતો અને તેણે તીર ચલાવવાની નવી સેલિબ્રેશન સ્ટાઈલ પણ રજૂ કરી હતી.

સબાલેન્કા સંઘર્ષપૂર્ણ જીત સાથે ચોથા રાઉન્ડમાં

સબાલેન્કાએ કમિલા રાખિમોવાને 6-3, 6-4થી હરાવી

સોરાના સિર્સ્ટીયા જાસ્મીન પાઓલિનીને હરાવી આગળના રાઉન્ડમાં

ન્યૂયોર્ક, તા.4 (એપી): ટોચની ક્રમાંકિત આર્યના સબાલેન્કાએ યુએસ ઓપનના ત્રીજા રાઉન્ડમાં કમિલા રાખિમોવા સામે કડક ટક્કર બાદ 6-3, 6-4થી વિજય મેળવ્યો હતો. આ જીત સાથે સબાલેન્કાએ સતત ત્રીજી વાર યુએસ ઓપન ટાઇટલ જીતવાની પોતાની આશા જીવંત રાખી છે.

સબાલેન્કાને બીજા સેટમાં ભારે પડકારનો સામનો કરવો પડ્યો હતો, જે 54 મિનિટ સુધી ચાલ્યો હતો.

સબાલેન્કાએ જણાવ્યું હતું કે, 'બીજા સેટમાં તેણે અદ્ભુત ટેનિસ રમી અને મને સખત ટક્કર આપી. જ્યારે વિરોધી ખેલાડીઓ તેમનું શ્રેષ્ઠ રમત પ્રદર્શન કરે છે ત્યારે મને ગમે છે, કારણ કે તે મને સુધારો કરવા માટે પ્રોત્સાહિત કરે છે.' 2012-14 દરમિયાન સેરેના વિલિયમ્સ પછી સતત ત્રણ યુએસ ઓપન જીતનારી પ્રથમ ખેલાડી બનવા તરફ આગળ વધી રહેલી સબાલેન્કા હવે રાઉન્ડ ઓફ 16માં ટેલર ટાઉન્સેન્ડ સામે રમશે.

અન્ય એક મેચમાં, આ સીઝન પછી નિવૃત્તિ અંગે વિચાર કરી રહેલી રોમાનિયાની 36 વર્ષીય 16મી ક્રમાંકિત સોરાના સિર્સ્ટીયાએ 19મી ક્રમાંકિત જાસ્મીન પાઓલિનીને 6-3, 6-3થી હરાવીને આગળના રાઉન્ડમાં સ્થાન મેળવ્યું હતું. યુએસ ઓપનમાં ત્રીજી ક્રમાંકિત જેસિકા પેગુલાએ પ્રથમ સેટમાં નબળા પ્રદર્શનમાંથી ઉગરીને 2021ની રનર-અપ લેલા ફર્નાન્ડીઝ સામે 1-6, 6-4, 6-3થી શાનદાર વાપસી સાથે જીત મેળવી હતી. હવે તેનો સામનો રુમાનિયાની સોરાના સિર્સ્ટીયા સામે થશે.

અન્ય મુકાબલાઓમાં, ટેલર ટાઉન્સેન્ડે 15મી ક્રમાંકિત ડાયના શનાઈડરને 6-2, 6-7 (3), 6-3થી હરાવી સતત બીજા વર્ષે રાઉન્ડ ઓફ 16 માં પ્રવેશ કર્યો હતો.

વિમ્બલડન ચેમ્પિયન લિન્ડા નોસ્કોવા અને 11મી ક્રમાંકિત માર્ટા કોસ્ટ્યુકે પણ પોતપોતાની મેચો જીતીને આગળના રાઉન્ડમાં જગ્યા બનાવી છે. જોકે, 7૦મી ક્રમાંકિત કેરોલિના મુચોવાને 26મી ક્રમાંકિત એમ્મા નવારો સામે પરાજયનો સામનો કરવો પડ્યો હતો.

રોમાંચક મેચમાં ટાઈબ્રેકરમાં હારીને સેરેના અને વીનસ વિલિયમ્સ બહાર

ન્યૂયોર્ક, તા. 5 (એપી): યુએસ ઓપન ગ્રાન્ડ સ્લેમ ટૂર્નામેન્ટમાં સુપરસ્ટાર બહેનો સેરેના અને વીનસ વિલિયમ્સની જોડીનો પ્રથમ રાઉન્ડમાં જ પરાજય થયો છે. એક અત્યંત રોમાંચક મુકાબલામાં સેરેના અને વીનસની જોડી હો-ચિંગ ચાન અને માયા જોઈન્ટ સામે 6-3, 6-7 (6), 7-6 (10-7)થી હારીને બહાર થઈ ગઈ હતી. ત્રીજા સેટમાં 4-1થી પાછળ રહ્યા બાદ બંને બહેનોએ સરસ વાપસી કરીને સ્કોર સરભર કર્યો હતો અને 10-પોઈન્ટના મેચ ટાઈબ્રેકરમાં 5-0ની મજબૂત લીડ મેળવી લીધી હતી. જોકે, નિર્ણાયક ક્ષણોમાં થયેલી ભૂલો અને ડબલ-ફોલ્ટને કારણે તેઓ આ લીડ ગુમાવી બેઠી હતી. 44 વર્ષીય સેરેના અને 46 વર્ષીય વીનસની આ ટૂર્નામેન્ટમાં વર્ષ 2022 પછી પહેલી જોડીદાર તરીકેની મેચ હતી. ભૂતકાળમાં 14 ગ્રાન્ડ સ્લેમ ડબલ્સ ટાઇટલ અને ત્રણ ઓલિમ્પિક ગોલ્ડ મેડલ જીતનારી આ સુપ્રસિદ્ધ જોડી માટે આ પરાજય અત્યંત નિરાશાજનક રહ્યો હતો.

ચાઈના માસ્ટર્સ: સાત્વિક-ચિરાગ સતત ત્રીજી વાર ફાઈનલમાં

વર્ષના બીજા ટાઇટલથી માત્ર એક ડગલું દૂર

શુક્રવારે ક્વાર્ટર ફાઈનલમાં ડેન્માર્કની જોડીને હરાવ્યા બાદ શનિવારે રમાયેલી રોમાંચક સેમિફાઇનલમાં ભારતીય જોડીએ મલેશિયન જોડીને પરાજય આપ્યો હતો

શેનઝેન, તા. 5 (પીટીઆઈ): ભારતની સ્ટાર પુરુષ ડબલ્સ જોડી સાત્વિકસાઈરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીએ શાનદાર પ્રદર્શન કરીને ચાઈના માસ્ટર્સ સુપર 750ની ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. શનિવારે રમાયેલી રોમાંચક સેમિફાઈનલમાં ચોથી ક્રમાંકિત ભારતીય જોડીએ મલેશિયાના નૂર મોહમ્મદ અઝરીન અયૂબ અને તાન વી કિયોંગને 1 કલાક અને 5 મિનિટ ચાલેલા મુકાબલામાં 21-15, 18-21, 21-11થી પરાજય આપ્યો હતો.

વિશ્વમાં 5મો ક્રમાંક ધરાવતી આ જોડીએ બીજી ગેમમાં વાપસીનો સામનો કર્યા બાદ ત્રીજી ગેમમાં એકચક્રી શાસન જમાવી જીત મેળવી હતી. આ સાથે તેઓ આ ટૂર્નામેન્ટમાં ત્રીજી વખત ફાઈનલમાં પહોંચ્યા છે અને સિઝનના બીજા ટાઈટલથી હવે માત્ર એક જીત દૂર છે.

આ પહેલાં શુક્રવારે રમાયેલી ક્વાર્ટર ફાઈનલ મેચમાં સાત્વિક અને ચિરાગે ડેન્માર્કની કિમ અસ્ટ્રુપ અને એન્ડર્સ સ્કારુપ રાસમસનની જોડી સામે 70 મિનિટ સુધી ચાલેલા કડક મુકાબલામાં 21-13, 16-21, 21-18થી વિજય મેળવીને સેમિફાઈનલમાં જગ્યા બનાવી હતી. 2023 અને 2025ના એડિશનમાં રનર-અપ રહેલી આ એશિયન ગેમ્સ ચેમ્પિયન જોડી હવે ફાઈનલ મુકાબલા માટે સજ્જ છે.

ચાઇના માસ્ટર્સ: કિદામ્બી શ્રીકાંત ક્વાર્ટર ફાઇનલમાં હારીને બહાર

શેનઝેન, તા. 5 (પીટીઆઈ): ચાઇના માસ્ટર્સ સુપર 750 બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં ભારતના અનુભવી ખેલાડી કિદામ્બી શ્રીકાંતની સફર પુરુષ સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં પૂર્ણ થઈ છે. ભૂતપૂર્વ વર્લ્ડ નંબર-1 શ્રીકાંતનો હોંગકોંગના લી ચૌક ચિયુ સામે સીધી ગેમ્સમાં 16-21, 16-21થી પરાજય થયો હતો. આ મુકાબલો 39 મિનિટ સુધી ચાલ્યો હતો. 33 વર્ષીય ભારતીય ખેલાડીએ પ્રથમ ગેમમાં 3-0ની સરસાઈ સાથે સારી શરૂઆત કરી હતી, પરંતુ વિશ્વમાં 25મો ક્રમાંક ધરાવતા લી ચૌકે વાપસી કરીને સતત પોઇન્ટ મેળવ્યા હતા. બીજી ગેમમાં પણ શ્રીકાંતે 4-0થી લીડ મેળવી હતી અને સ્કોર 15-15 સુધી બરાબરી પર રહ્યો હતો, પરંતુ નિર્ણાયક ક્ષણોમાં લી ચૌકે સતત પોઇન્ટ મેળવીને મેચ પોતાના નામે કરી લીધી હતી.

આજથી ઈસ્ટ ઝોન અને સાઉથ ઝોન વચ્ચે દુલિપ ટ્રોફી ફાઈનલ

કે.એલ. રાહુલ, મોહમ્મદ શમી, ઈશાન કિશન અને મોહમ્મદ સિરાજ જેવા સ્ટાર ખેલાડીઓ રહેશે આકર્ષણનું કેન્દ્ર; પડિક્કલ, તિલક અને સૂર્યવંશી પર પણ રહેશે નજર

મોહમ્મદ શમી પોતાની 100મી ફર્સ્ટ-ક્લાસ મેચમાં પ્રભાવશાળી પ્રદર્શનનો પ્રયાસ કરશે

ચેન્નાઈ, તા. 5 (પીટીઆઈ): દુલિપ ટ્રોફીની ફાઈનલ મેચમાં રવિવારથી ચેન્નાઈ ખાતે ઈસ્ટ ઝોન અને સાઉથ ઝોન વચ્ચે મુકાબલો યોજાશે. આ મેચમાં વૈભવ સૂર્યવંશી, દેવદત્ત પડિક્કલ અને તિલક વર્મા રેડ-બોલ ક્રિકેટમાં સારું પ્રદર્શન જાળવી રાખવા માંગશે, જ્યારે અનુભવી ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજ આગામી પ્રવાસો પહેલાં પોતાની લય પુનઃ પ્રાપ્ત કરવાના પ્રયાસ કરશે.

કર્ણાટકના બેટ્સમેન પડિક્કલે તાજેતરમાં શ્રીલંકા સામેની ટેસ્ટ શ્રેણીમાં બે સદી ફટકારીને પ્લેયર ઓફ ધ સિરીઝનો એવોર્ડ જીત્યો હતો. સાઉથ ઝોનના કેપ્ટન તિલક વર્માએ સેમિફાઈનલમાં અણનમ સદી અને અડધી સદી ફટકારીને ટેસ્ટ ટીમમાં દાવો મજબૂત કર્યો છે. ઈસ્ટ ઝોનના યુવા બેટ્સમેન સૂર્યવંશીએ સેમિફાઈનલમાં 92 અને 40 રન કરીને ઓલ-ફોર્મેટ બેટ્સમેન બનવાની ક્ષમતા દર્શાવી છે. ઈસ્ટ ઝોનનું નેતૃત્વ ઈશાન કિશન કરી રહ્યો છે.

સાઉથ ઝોન તરફથી કે.એલ. રાહુલ ન્યૂઝીલેન્ડ પ્રવાસની તૈયારી રૂપે મેદાનમાં ઉતરશે. ઈસ્ટ ઝોનના અનુભવી પેસર મોહમ્મદ શમી માટે આ તેની 100મી ફર્સ્ટ-ક્લાસ મેચ હશે. માર્ચ 2025 પછી ભારતીય ટીમમાંથી બહાર રહેલો 36 વર્ષીય શમી આ મેચમાં શાનદાર પ્રદર્શન કરીને ભારતીય ટીમમાં પુનરાગમન કરવાનો પ્રયાસ કરશે.

અનાહત સ્ક્વોશ ક્લાસિકમાંથી બહાર

લંડન, તા. 5 (પીટીઆઈ): લંડન સ્ક્વોશ ક્લાસિકની મહિલા ક્વાર્ટર ફાઈનલમાં મલેશિયાની વિશ્વની નંબર 5 ખેલાડી શિવસાંગરી સુબ્રમણ્યમ સામે 4-11, 4-11થી પરાજય થતાં ભારતની અનાહત સિંહની ટૂર્નામેન્ટમાં શાનદાર સફરનો અંત આવ્યો છે. ક્વાર્ટર ફાઈનલ પહેલાં અનાહતે વિશ્વની 11મા નંબરની ખેલાડી નેલી ગિલિસને હરાવીને પ્રભાવશાળી પ્રદર્શન કર્યું હતું. વિશ્વમાં 20મો ક્રમ ધરાવતી વર્લ્ડ જુનિયર ચેમ્પિયન અનાહત હવે 12 સપ્ટેમ્બરથી કતાર ક્લાસિકમાં રમશે.

એશિયન ગેમ્સ માટેના ભારતીય ખેલાડીઓ માટે કન્ટેનરમાં બનાવાયા રૂમ

પટિયાલા, તા. 4 (પીટીઆઈ): આગામી જાપાન એશિયન ગેમ્સમાં ખેલાડીઓને રહેવા માટે પરંપરાગત સ્પોર્ટ્સ વિલેજને બદલે કન્ટેનર જેવી અલગ વ્યવસ્થા હોવાથી, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI) દ્વારા પટિયાલા અને બેંગલુરુ સ્થિત કેન્દ્રોમાં 'કન્ટેનર સિમ્યુલેટર' રૂમ તૈયાર કરાયા છે. ભારતીય રમતવીરોને આ નાની અને સીમિત જગ્યામાં રહેવાની આદત પડે અને રમત દરમિયાન માનસિક અસ્વસ્થતા કે 'ક્લોસ્ટ્રોફોબિયા' ન અનુભવાય તે હેતુથી આ અનોખો પ્રયોગ શરૂ કરાયો છે. ખેલાડીઓ વારાફરતી આ કન્ટેનરમાં રાત વિતાવી પોતાની દિનચર્યા અનુસરી રહ્યા છે. શોટ પુટર તજિંદરપાલ સિંહ તૂર અને ડિસ્કસ થ્રોઅર સીમા કાલિરામણા જેવા ખેલાડીઓએ આ પહેલને બિરદાવતા જણાવ્યું કે, શરૂઆતમાં એડજસ્ટ થવામાં થોડી મુશ્કેલી પડી હતી, પરંતુ અગાઉથી અનુભવ મળવાથી જાપાન પહોંચ્યા બાદ રહેવાની ચિંતા કે અજાણ્યો ભય દૂર થઈ જશે. તમામ પાયાની સુવિધાઓ ધરાવતા આ કન્ટેનર રમતગમત બાદ ગેસ્ટ હાઉસ તરીકે ઉપયોગમાં લેવાશે.

એમબાપ્પે પેનલ્ટી ચૂકતા રિયલ મેડ્રિડનો રિયલ બેટિસ સામે પરાજય

સેવિલે (સ્પેન) તા. 5: રિયલ બેટિસ સામેની મેચમાં 1-0થી પરાજય થતાં રિયલ મેડ્રિડે આ લા-લીગા સીઝનમાં પોતાની પ્રથમ હારનો સામનો કરવો પડ્યો છે.

મેચ પર મજબૂત પકડ હોવા છતાં, 81મી મિનિટે રિયલ બેટિસના સબસ્ટિટ્યૂટ ખેલાડી ટ્રોય પેરટે રીબાઉન્ડ પર ગોલ કરીને પોતાની ટીમને સરસાઈ અપાવી હતી. મેચની અંતિમ ક્ષણોમાં રિયલ મેડ્રિડને પેનલ્ટી કિક સ્વરૂપે બરાબરી કરવાની સુવર્ણ તક મળી હતી, પરંતુ કિલિયન એમબાપ્પેનો પેનલ્ટી શોટ નબળો રહેતાં બેટિસના ગોલકીપર અલ્વાર રો વાલેસે તેને સરળતાથી રોકી લીધો હતો.

એમબાપ્પેની આ ભૂલ સાથે જ રિયલ મેડ્રિડનો વિજયી રથ અટકી ગયો હતો.

પ્રીમિયર લીગ: લિવરપૂલે ઈપ્સવિચને તેના જ ઘરઆંગણે હરાવ્યું

ઈપ્સવિચ (ઈંગ્લેન્ડ), તા. 5 (એપી): ઈપ્સવિચ સામે ૨-૦થી વિજય મેળવીને લિવરપૂલે નવા કોચ અંદોની ઈરાઓલાના માર્ગદર્શન હેઠળ પ્રીમિયર લીગમાં સીઝનની પ્રથમ જીત નોંધાવી છે. મેચની શરૂઆતમાં જ સ્વીડિશ સ્ટ્રાઈકર એલેક્ઝાન્ડર ઈસાકે કોડી ગાક્પોના પાસ પર ઉપરાઉપરી બે ગોલ કરીને ટીમને મજબૂત સરસાઈ અપાવી હતી. આ સાથે જ પેરિસ સેન્ટ-જર્મેન (PSG)માંથી ૧૨૩ મિલિયન પાઉન્ડની જંગી ટ્રાન્સફર ફી સાથે જોડાનાર બ્રેડલી બારકોલાએ 63મી મિનિટે સબ્સ્ટિટ્યૂટ તરીકે આવીને લિવરપૂલ માટે ડેબ્યૂ કર્યું હતું. અગાઉની મેચોમાં ડ્રો બાદ મળેલા આ વિજય અંગે કોચે જણાવ્યું કે ઈસાક સંપૂર્ણ ફિટ રહેશે તો શાનદાર પ્રદર્શન ચાલુ રાખશે. ઈપ્સવિચ ટાઉનનો આ સીઝનમાં આ બીજો પરાજય હતો, જ્યારે લિવરપૂલે મેચ પર પૂર્ણ પ્રભુત્વ જાળવી રાખ્યું હતું.